આદિજાતિ વિસ્તાર અને બિન આદિજાતિ વિસ્તારમાં કોલેજ કક્ષાના નવા સરકારી કન્યા છાત્રાલયો શરૂ કરવા માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૨૦૧૬/ન.બા.૨૦/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૪/૨૦૧૬

<u>વંચાણે લીધા</u>:-

(૧) કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૦૮/૧૨/૨૦૧૫નો પત્ર નં. આવિ/છતલ/૧/ફા.નં./૨૦૧૫-૧૬/૨૮૬૮ થી ૨૮૬૯ તથા પત્ર નં. આવિ/છતલ/૧/ફા.નં./૨૦૧૫-૧૬/૨૮૭૦ થી ૨૮૭૧

<u>ઠરાવ</u>:-

અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ઉંડાણવાળા જંગલ વિસ્તારમાં રહેતા હોય છે. તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે તેઓ તેમના બાળકોને દુરના સ્થળે ઉચ્ચ અભ્યાસ માટે મોકલી શકતા નથી. જેને કારણે તેઓ શિક્ષણથી વંચિત રહેવા પામે છે. અનુસૂચિત જનજાતિના આવા જરૂરિયાતવાળી વિદ્યાર્થીનીઓને મફત રહેવાની અને જમવાની વ્યવસ્થા મળી રહે, તે માટે રાજ્ય સરકાર દ્વારા જુદાજુદા સ્થળોએ છાત્રાલયો ચલાવવામાં આવે છે. પરંતુ છાત્રાલયની અપુરતી સંખ્યાના કારણે ઘણા વિદ્યાર્થીનીઓને રહેવાની અગવડના કારણે શિક્ષણથી વંચિત રહેતા હોય છે. રાજ્યમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીનીઓ તેમની નબળી આર્થિક સ્થિતિને કારણે શિક્ષણથી વંચિત ન રહે તેમજ આ વર્ગના વિદ્યાર્થીનીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને વધુને વધુ વિદ્યાર્થીનીઓ શિક્ષણનો લાભ મેળવે તે હેતુસર સરકારી છાત્રાલયોની નિભાવ અને વિકાસની યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારમાં કોલેજ કક્ષાના ૬ (છ) સરકારી કન્યા છાત્રાલયો ઝાલોદ, ઉચ્છલ, વાલોડ, બોડેલી, વાંસદા, મોટાપૌઢા ખાતે તેમજ બિન આદિજાતિ વિસ્તારમાં કોલેજ કક્ષાના ૪ (ચાર) સરકારી કન્યા છાત્રાલયો મહેસાણા, ઈડર, વાઘોડિયા, લુણાવાડા ખાતે શરૂ કરવા કમિશનરશ્રી (આ.વિ.)એ સને ૨૦૧૬-૧૭ના વર્ષના અંદાજપત્રમાં આદિજાતિ વિસ્તારમાં માંગણી ક્રમાંક: ૯૬ હેઠળ રૂ.૧૮૭.૯૨ લાખની તેમજ બિન આદિજાતિ વિસ્તારમાં

માંગણી ક્રમાંક: ૯૩ હેઠળ રૂ.૧૨૫.૨૮ લાખની નવી બાબતનો સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે આદિજાતિ વિસ્તારમાં કોલેજ કક્ષાના ૬ (છ) સરકારી કન્યા છાત્રાલયો ઝાલોદ, ઉચ્છલ, વાલોડ, બોડેલી, વાંસદા, મોટા પૌઢા ખાતે શરૂ કરવા માટે માંગણી ક્રમાંક: ૯૬ હેઠળ રૂ.૧૮૭.૯૨ લાખની તેમજ બિન આદિજાતિ વિસ્તારમાં કોલેજ કક્ષાના ૪ (ચાર) સરકારી કન્યા છાત્રાલયો મહેસાણા, ઈડર, વાઘોડિયા, લુણાવાડા ખાતે શરૂ કરવા માટે માંગણી ક્રમાંક: ૯૩ હેઠળ રૂ.૧૨૫.૨૮ લાખની સને ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ નવા ૧૦ (દસ) છાત્રાલયો માટે નીચે મુજબનું મહેકમ મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગ | વર્ગ | પગાર ધોરણ | સંખ્યા મા.નં.૯૬ | સંખ્યા મા.નં.૯૩ |
|---|---|---|---|---|---|
| ૧. | મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી | ૩ | રૂ.૯૩૦૦-૩૪૮૦૦<br>ગ્રેડ પે ૪૬૦૦<br>(ફીક્સ પગાર રૂ.૧૫,૫૦૦/-) | ૬ | ૪ |
| ૨. | જુનીયર ક્લાર્ક | ૩ | રૂ.૫૨૦૦-૨૦૨૦૦<br>ગ્રેડ પે ૧૯૦૦<br>(ફીક્સ પગાર રૂ.૧૦,૦૦૦/-) | ૬ | ૪ |
| ૩. | પટાવાળા | ૪ | આઉટ સોર્સીંગ | ૬ | ૪ |
| ૪. | ચોકીદાર | ૪ | આઉટ સોર્સીંગ | ૧૨ | ૮ |
| ૫. | સફાઈ કામદાર | ૪ | આઉટ સોર્સીંગ | ૬ | ૪ |
| ૬. | રસોયા | ૪ | આઉટ સોર્સીંગ | ૬ | ૪ |
| ૭. | મદદનીશ રસોયા | ૪ | આઉટ સોર્સીંગ | ૬ | ૪ |
| કુલ:- | | | | ૪૮ | ૩૨ |

**<u>શરતો</u>:-**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) સીધી ભરતી/બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમો પ્રમાણે સીધી ભરતી/બઢતીથી આવતી હોવાની શરતે તે રીતે ભરવા મંજૂરી આપવામાં આવે છે.

(૮) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યાબાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૦૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતોવખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પુરી થતાં પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૫) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૦૪૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણી પાલન કરવાનું રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-VKY-૧૭૦ છોકરા અને છોકરી માટેના નવા સરકારી છાત્રાલયોની સ્થાપના અને વિકાસ (૨૭) આદિજાતિના વિદ્યાર્થીઓ માટે છ નવી સરકારી કન્યા છાત્રાલયો શરૂ કરવા બાબત તેમજ માંગણી ક્રમાંક: ૯૩ મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર-૦૪-VKY-૧૭૦ નવા છાત્રાલયોની સ્થાપના અને છોકરાઓને અને છોકરીઓ માટે સરકારી છાત્રાલયોનો વિકાસ અને નિભાવ (૨) ચાર નવી સરકારી કન્યા છાત્રાલયો શરૂ કરવા બાબત માટેની નવી બાબત હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

3. આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણાવિભાગની તા.૧૨/૦૪/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૧૪/૨જો માળ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઈલ.